જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૫/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૩૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૯૨ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૩૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૪૦/૧૬**

**શાહપુરઃ** શાહપુર વિસ્તારમાં રહેતી ૩૭ વર્ષની પરણીતાએ તા.૨૦/૫/૧૬ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી તા.૧૪/૪/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી જોગેશ અજયભાઇ શ્રીમાળી એ પરણીતાને લલચાવી ફોસલાવી, ધાક ધમકી આપી, પરણીતાની બિભત્સ ક્લીપો ઉતારી, પરણીતાની મરજી વિરૂધ્ધ અવાર-નવાર બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.બી.પરમાર ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૯૪૧/૧૬**

**કૃષ્ણનગરઃ** રમેશભાઇ જયંતીલાલ પટેલ (રહે.કાસા શેઠીયાનો મોટો મઢ, તા.વિસનગર, જી.મહેસાણા) એ તા.૨૦/૫/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા એક વર્ષથી તા.૧૮/૫/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાની પુત્રી પિન્કીબહેનને તેનાં પતિ યોગેશભાઇ કાંતીભાઇ પટેલ અને સાસુ-સસરા (તમામ રહે.કેયુરપાર્ક સોસાયટી, શુકન બંગ્લોઝની બાજુમાં, નવા નરોડા) નાં શારીરીક અને માનશીક ત્રાસનાં કારણે કંટાળી જઇ રમેશભાઇની પુત્રી પિન્કીબહેને તા.૧૮/૫/૧૬ ના રોજ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :** **સમાચાર યાદી નં.૯૪૨/૧૬**

**ક્રાઇમબ્રાન્ચ** : દુષ્યંતભાઇ રાધેશ્યામ શાહ (ઉ.વ.૫૨)(રહે. મંદાર એપાર્ટમેન્ટ, લોયલા સ્કુલની પાછળ, નારણપુરા) એ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૫/૧૬ બપોરનાં સમયે લેન્ડલાઇન ફોન ઉપર કોલ કરનાર ફોન નં.+૧૬૧૩૯૪૬૬૬૬૬ નાં ધારકે તેમજ એટર્ની પંકજ ગજ્જર નામનાં વ્યકિતએ દુષ્યંતભાઇને “ઇમીગ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોવાથી ધરપકડ કરવી પડશે” તેવી ધમકી આપી, ધરપકડ ટાળવા તેમજ કેસ કોર્ટ બહાર પતાવવા માટે ૧૪૫૦ ડોલરની માંગણી કરી, તે ડોલર એટર્ની પંકજ ગજ્જરે ભારતીય ચલણમાં રૂપિયા ૭૩,૦૨૮/- અમદાવાદ ખાતે સ્વીકારી લઇ અને બીજા ડોલરની માંગણી કરી, દુષ્યંતભાઇની પુત્રી સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એમ.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૪૩/૧૬</u>**

**વસ્ત્રાપુરઃ** મંજુલાબહેન દીનેશચંન્દ્ર શાહ (રહે, શગુન પેલેસ શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) તા.૨૦/૫/૧૬ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે સ્પ્રિંગ ફિલ્ડ બંગલાની આગળ ફુટની દુકાન આગળ અમુલ ગાર્ડન સામે ગોયલ પાર્ક એપાર્ટમેન્ટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) મંજુલાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**આનંદનગર** : મનોજભાઇ મનસુખભાઇ પટેલ (રહે,સત્યમ ફ્લેટ, બાલાજી રેસ્ટોરન્ટની સમે, જોધપુર રોડ, સેટેલાઇટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૫/૧૬ ના કલાક ૧૦/૨૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી એક મોટર સાયકલ ઉપર બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) મનોજભાઇની માતા લલીતાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)